## જન્મદિને વધામણી



**પ્રકાશકુમાર બી બારોટ**
સલાહકાર, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૮૨૫૨ ૮૧૧૨૯



**રીટા શૈલેષકુમાર સુથાર**
મો. ૯૮૯૮૦૮૪૩૦૧



**શ્રેયા પટેલ**
મો. ૯૪૨૯૪ ૪૧૩૭૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, માઉન્ટ આબુ રજત મહોત્સવ અંતર્ગત ગજરાજ ઉપર એકતાયાત્રાનું માઉન્ટ આબુ શહેરમાં આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. એકતાયાત્રામાં દેશવિદેશ અમેરિકા, આફ્રિકા, લંડન, બોલ્ટન, દુબઈ, ઓસ્ટ્રેલિયા વિગેરે દેશોમાંથી હરિભક્તોનો સમુહ ઉપસ્થિત રહ્ય હતો. સં.સિ. ધર્મનંદન દાસજી સ્વામી, સદ્ગુરુ મહંત ભગવતપ્રિયદાસજી સ્વામી, ડેપ્યુટી મહંત મુનિભૂષણદાસજી વિગેરે વરિષ્ઠ સંતમંડળ પણ ઉપસ્થિત રહ્યું હતું. ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.



સેકટર-૬બી સ્થિત સરસ્વતી વિદ્યાલય ખાતે આજ રોજ 'પર્યાવરણ બચાવો' નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૮ની હેમાંગી પ્રજાપતિ પ્રથમ ક્રમાંકે અને જીનેન્દ્ર સોલંકી બીજા ક્રમાંકે તથા ધોરણ-૯માં પ્રથમ ક્રમાંકે કુલદીપ રાઠોડ અને બીજા ક્રમાંકે બોબીન શ્રીમાળી વિજેતા બની પોતાની ચિત્રકલાના બેનમૂન નમૂના રજૂ કર્યા હતા.

# લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના સોજા ગામે કુમાર પ્રા. શાળા ખાતે મેડીકલ ચેકઅપ અને નેત્ર નિદાન કેમ્પ યોજાયો





લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના સોજા ગામે કુમાર પ્રાથમિક શાળા ખાતે મેડીકલ ચેકઅપ અને નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ડૉ. ભાવીનભાઈ ભટ્ટ, ડૉ. શિલ્પાબેન ભટ્ટ, ડૉ. શિરીષભાઈ પટેલ ડૉ. ગોપાલભાઈ પટેલ, ડૉ. જગદીશભાઈ પટેલ, શ્રી ચતુરભાઈ પટેલ (સિવિલ હોસ્પિટલ ગાંધીનગર), લાયન ડૉ. એ. આર. પટેલ, લાયન ડૉ. દિલીપભાઈ ત્રિવેદીએ સેવાઓ આપી હતી. જેમાં કુલ ૬૩૬ જેટલાં દર્દીઓએ લાભ લીધો હતો. દર્દીઓને નિઃશુલ્ક દવાઓ, ૨૮ મોતીયાના સફળ ઓપરેશન, રાહતદરે ૪૧૮ જેટલાં ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ લાયન જયંતિભાઈ પ્રજાપતિ, પૂર્વ પ્રમુખ લા. કે. પી. પ્રજાપતિ, લા. ઉમંગ પંડ્યા, લા. શૈલેષભાઈ પટેલ, લા. નિમેષભાઈ રાવલ, લા. નયન મધુકર, લા. મોહનભાઈ પરમાર, લા. નટુભાઈ સોલંકી, લા. ઉપેન્દ્રભાઈ સોલંકી, લા. રઘુસિંહ ગોલ, લા. પદમસિંહ ચૌહાણ, લા. અજય સી. પટેલ (ચેરમેન સાઈટ ફર્સ્ટ) ઉપસ્થિત રહી નોંધનીય સેવા આપી હતી. આજબાજુના ગામ લોકોએ પણ આ કેમ્પનો ઉત્સાહ પૂર્વક લાભ લીધો હતો. સોજા ગ્રામ પચંયાતના સરપંચશ્રી મોતીભાઈ પ્રજાપતિ, પ્રા. શાળાના આચાર્યશ્રી શકરાભાઈ રાવળ, હાઈસ્કુલના આચાર્યશ્રી જોશી સાહેબ અને જીલ્લા પંચાયત સદસ્યશ્રી જયેશભાઈ ચૌધરીએ ગામના આગેવાનોએ લાયન્સ સંસ્થાનો આભાર માન્યો હતો.

# દરેક જિલ્લામાં રમતગમત સંકુલ માટે નિર્ણય કરાયો

ગાંધીનગર, તા.૨૮

રમતગમત રાજ્યમંત્રી નાનુભાઈ વાવાણીએ જણાવ્યું છે કે દરેક જિલ્લામાં સરદાર પટેલ રમતગમત સંકુલ હોય તેવો નિર્ણય ૨૦૦૬માં લેવાયો છે. તે અંતર્ગત ૧૯ જિલ્લાઓમાં સંકુલ અસ્તિત્વ ધરાવે છે. ચાર જિલ્લાઓમાં જમીન મળી ગઈ છે અને દેવભૂમિ દ્વારકામાં પ્રક્રિયા ચાલુ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળીયા ખાતે રમતગમતના આધુનિક સંકુલ માટે થયેલ કાર્યવાહી અંતર્ગત ખંભાડીયાના ધારાસભ્ય મેરામણભાઈ આહીરે પ્રશ્નોતરીકાળમાં ઉપસ્થિત કરેલ પ્રશ્નો પ્રત્યુત્તર રમતગમત રાજ્યમંત્રી નાનુભાઈ વાનાડીઓ આપ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, જિલ્લા રમતગમત સંકુલના નિર્માણ માટે ૧૫ થી ૨૦ એકર જમીન ફાળવવા કલેક્ટરને જણાવ્યું છે તેમજ જમીન ફાળવણીની પ્રક્રિયા ચાલુ છે.



વાવોલમાં શાલ્વીક શુકન સોસાયટીની યુવા ગૃહિણીઓ દ્વારા શરૂ કરાયેલ સ્વચ્છતા અભિયાનમાં વૃધ્ધ છતાં યુવા મનોબળ ધરાવતા મહિલા મંડળના સભ્યો પણ જોડાયા અને અન્ય ગૃહિણીઓને પણ પ્રેરણા લઈને હવે પછી ગમે ત્યાં કચરો નહીં ફેંકવાનો સંકલ્પ કરી આ પ્રયાસને આવકાર્યો હતો અને સમયાંતરે આવા કાર્યક્રમોમાં જોડાવા ઉત્સાહ બતાવ્યો હતો. તસવીરમાં સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલ મહિલા મંડળના સભ્યો નજરે પડે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રૉકી હૅન્ડસમ
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
૩ ડોબા (ગુજરાતી)
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૪૫, ૧૦.૦૦
જય ગંગાજલ
૭.૦૦

**સ્ક્રીન-૫**
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦, ૧.૧૫, ૯.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૩.૪૫, ૬.૪૫

## રાજસ્થાન સમાજ દ્વારા દાંડીયા-રાસનું આયોજન

રાજસ્થાન સમાજ સેવા સમિતિ દ્વારા આગામી તા. ૩૧ માર્ચને ગુરુવારના રોજ સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન હોળી-ધૂળેટીના મહોત્સવ નિમિત્તે રાજસ્થાનનો મુખ્ય તહેવાર 'હોલી ગૈર'ની ઉજવણી અંતર્ગત દાંડીયા-રાસનો કાર્યક્રમ સેકટર-૨૪, હોલસેલ શાકમાર્કેટ સામેના મેદાનમાં યોજાશે. તમામ નગરજનોએ હાજર રહેવા સમિતિના મહામંત્રીએ અનુરોધ કર્યો છે.

## બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન વડોદરામાં યોજાશે

ગાંધીનગર,તા.૨૮

શ્રી ચાણક્ય સેવાટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે વડોદરા મુકામે ઊર્મિ વિદ્યાલય, સમા બ્રીજ પાસે તા. ૨૩મી એપ્રિલના રોજ યોજાનાર જીવનસાથી પસંદગી સંમેલન (૪૬મું) ભાગ લેવા ઈચ્છતા યુવક/યુવતીઓએ તા.૭મી એપ્રિલ સુધીમાં પોતાના ઉમેદવારી પત્રો ભરી દેવા જણાવેલ છે. (૧) અશોક જોશી, બી-૧૬, ક્રિષ્ના ટાઉનશીપ, યશ કો. સામે, વુડા ફલેટ પાછળ (૨) હાર્દિક વ્યાસ, એફ.એફ/૭, અમરદીપ કો.સ્પે. તક્ષ, કો. સામે, ગોત્રી રોડ, વડોદરા (૩) ઈશ્વરભાઈ દવે, ૯ કમલકુંજ સોસાયટી, નિઝામપુરા વડોદરાને સંપર્ક કરવો.

# કોમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશન દ્વારા ગુજરાતના ૪૦ શહેરોમાં નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

## ૨૦૧૪-૧૫માં એડમીશનની સુંદર કામગીરી રૂપે માર્ગદર્શકોને સી.ટી.એફ દ્વારા એવોર્ડથી સન્માનિત કરાયા

અમદાવાદ, તા. ૨૮

ભારત દેશના ભવિષ્ય સમાન યુવાધનને ઉજ્જવળ અને સફળ કારકીર્દી માટે કોમ્પ્યુટર ટેકનોલોજી ફોઉન્ડેશન છેલ્લા આંઠ વર્ષથી ગુજરાતમાં કોમ્પ્યુટર ટ્રેનીંગ, મેનજમેન્ટ ટ્રેનીંગ, મોટીવેશન ટ્રેનીંગ અને સ્કીલ ડેવલોપમેન્ટ ક્ષેત્રે સંકળાયેલ છે. સંસ્થાના ચેરમેન હેમાંગ રાવલના જણાવ્યા મુજબ ગુજરાત સરકારના ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ એક સ્વૈચ્છીક સંસ્થા છે. આ સંસ્થા ભારત સરકારના નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ મિશનની ટ્રેનીંગ પાર્ટનર છે અને ગુજરાત સરકાર દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવસીટીના અધિકૃત અભ્યાસકેન્દ્રની માન્યતા ધરાવે છે.તથા જયપુર નેશનલ યુનિવસીટીની ગુજરાત સ્ટેટ ની કાઉન્સીલીંગ કો-ઓરડીનેટરશીપ ધરાવે છે . વધુમાં સી.ટી.એફ સંસ્થા ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર



વિભાગ દ્વારા માન્યતા પ્રાપ્ત ઔદ્યોગિક તાલીમ કેન્દ્રનું (GCVT, NCVT) સંચાલન કરે છે. આ ઉપરાંત સી.ટી.એફ દ્વારા ગુજરાતના યુવાનોને ઉદ્યોગ સહાસિકતા ક્ષેત્રે પગભર થવા માટે વિવિધ કાર્યશાળાનું આયોજન કરે છે.

આ ઉપરાંત વધુ માહિતી આપતા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે આ વર્ષે ગુજરાત ભરના ૪૦થી વધુ અભ્યાસકેન્દ્રો દ્વારા સરકારી કોલેજોમાં એડમીશન બાબતે નિશુલ્ક કારકિદી માર્ગદર્શન આપવામાં આવનાર છે આ માટે અભ્યાસકેન્દ્રોને કઈ રીતે ACPC ઓનલાઈન એડમીશન તથા અન્ય કારકિદી માર્ગદર્શન ખાસ કરીને અંતરિયાળ ગામડાઓનાં વિદ્યાથીઓને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવું તેના માટેનો એક વર્કશોપ યોજેલ છે. આ વર્કશોપમાં અભ્યાસકેન્દ્રોના સંચાલકોએ તાલીમ લીધા બાદ તેઓ સમગ્ર ગુજરાતમાં પોતાના સેન્ટરમાં નિશુલ્ક સેમીનાર દ્વારા ઓનલાઈન એડમીશનમાં આવતી મુશ્કેલીનું નિરાકરણ કરશે તથા ખાસ કરીને ધો. ૧૨મા નાપાસ થયેલા વિદ્યાર્થીઓ કે જેમણે પુરક પરીક્ષા આપેલ છે તેમના માટે પણ આગળ અભ્યાસ કઈ રીતે શક્ય બને તેની પણ નિશુલ્ક સમજણ આપવામાં આવશે.

તારીખ ૨૬-૦૩-૨૦૧૬ ના રોજ હોટેલ પ્લેટીનીયમ, અમદાવાદમાં યોજયેલ વર્કશોપમાં ગુજરાતભર ની ૪૦ થી વધુ એજયુકેશન સાથે સંકળાયેલ સંસ્થાઓ ને ૨૦૧૫-૧૬ માં એડમીશન ની સુદર કામગીરી બદલ કોમ્પ્યુટર ટેકનોલોજી ફોઉંન્ડેશન તરફથી એવોર્ડ આપવામાં આવેલ તથા "નેશનલ કાઉન્સિલ ઓફ ડિઝાઈનના" ઓળખચિહ્ન (LOGO) નું અનાવરણ કરવામાં આવેલ

વિવિધ જીલ્લાઓ-તાલુકાઓ-ગ્રામ્યો-શેહેરો કે પછાત વિસ્તારોના યુવાધન માટે માર્ગદર્શક બની, તેઓની કારકિર્દી વધુ સારી ઘડવા સી. ટી. એફ દ્વારા મુખ્ય ઉદેશ્ય ને સાર્થક કરવામાં આવશે.

## નવોદિત લેખકોની સંસ્થા 'શબ્દાંકન'ની વડોદરામાં બેઠક મળી : શબ્દ પુષ્પની વસંત મહોરી

'લખે તે લેખક' એ ઉદેશને વરેલી, વિશ્વમાં વસતા ગુજરાતી ભાષા પ્રેમી અને નવોદિત લેખકોની સંસ્થા 'શબ્દાંકન'ની ૧૪મા વર્ષની ૭મી ગદ્યકૃતિ બેઠક વડોદરામાં મળી હતી.

વેલેન્ટાઈન અને વસંત વિષયક બેઠકનો પ્રારંભ 'પ્રતિસાદ' વિભાગથી થયો. સંસ્થા સ્થાપક-સંચાલક મનીષ જોશી 'મૌન' એ વેલેન્ટાઈન પર્વની ઉજવણી હેતુ વાર્તા 'ઠોકર'ની રજૂઆત કરતા અધ્યાત્મ દૃષ્ટિ ટાંકીને સુરેશ પરમારે વસંતના વધામણા કર્યા હતા. તેથી નીતિન પટેલે વાર્તા દ્વારા 'સરપ્રાઈઝ' આપી હતી. તેના બદલા જગદીશ મિસ્ત્રીએ 'ઉપહાર' આપતા રામચંદ્ર સાગેએ તેને વધાવ્યો હતો.

બેઠક દરમિયાન નાટ્યવિદ્ પ્રો. માર્કન્ડ ભટ્ટ અને લેખક જગદીશ બિનિવાલને મૌનાંજલિ અપાઈ હતી. 'લખે તે લેખક' એ ઉદ્દેશને વરેલી નવોદિત લેખકોની સંસ્થા 'શબ્દાંકન'ની ૧૪મા વર્ષની ૮મી રંગોત્સવ બેઠક વડોદરામાં મળી હતી.

'પ્રતિસાદ' વિભાગમાં ગાંધીનગરના સપના પરમારની કૃતિ 'પ્રેમ' વોઈસ મેલ દ્વારા સાંભળવા બનાસકાંઠા-બિયોકના બાબુભાઈ ઠાકોરે 'ઢોલ' ને રણકાવી દીધો હતો. તેથી અમદાવાદના દક્ષા સંઘવીને 'ઘર' યાદ આવી ગયું.

કાચીંડાએ રંગ બદલવાનું છોડી દીધું, કારણ હવે માણસ રંગ બદલે છે - તે ઉક્તિ ટાંકીને સંસ્થા-સ્થાપક-સંચાલક મનીષ જોષી 'મૌન' એ 'માણસના રંગ' કૃતિની અભિવ્યક્તિ કરતા વૈશાલી દવે અને દિવ્યેશ દવેએ રંગ પર્વના વિચારો રજૂ કર્યા હતા. ૩જી એપ્રિલના રોજ મળનારી બેઠક માટે હાસ્ય-વ્યંગવાળી ગદ્ય કૃતિ - મનીષ જોશી ૧૪, સપ્તગીરી સોસાયટી નં. ૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોંસીગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ પર મોકલવા જણાવાયું છે.

# સુફીની સંગત... મૌલા મેરે, મૌલા મેરે, મૌલા મેરે, મૌલા મેરે...

## સજદા... આર્ટ લવર્સની સુફી ગીતોની મહેફિલમાં હિન્દી ફિલ્મોના લગડી જેવાં હાઈ નોટ્સમાં ગવાયેલા ૨૬ સુફી ગીતો, સજ્જ શાસ્ત્રીય અવાજ, સુરીલું સંગીત, આધ્યાત્મની અનુભૂતિ કરાવતું સંચાલન સાથે ધૂળેટીએ શ્રોતાઓ આફરીન પોકારી ગયા : આર્ટ લવર્સના નવા વર્ષે અવનવાં રંગો પુરવા જગત કારાણીની પ્રમુખ પદે તાજપોશી

સજદા, તેરા સજદા, કરું મેં તેરા સજદા... સુફી સંગીત એટલે એક ને એક શબ્દ વારંવાર બોલી, ઈશ્વર તરફ હાથ પસારી ગોળ ગોળ ફરતાં રહી પ્રભુ સાથે તાદાત્મય સાધવાની વાત... ઈશ્ક, ઈબાદત મેજીકલ ઈન્વોલ્મેન્ટ કરવાની વાત, મીરાંની કૃષ્ણભક્તિ જેવી વાત... ગીતામાં ભગવાન, કુરાનમાં અલ્લાહ નહીં પણ માણસમાં માણસ શોધવાની વાત એટલે સુફી સંગીત... અને આર્ટ્ લવર્સના રંગોત્સવના ધૂળેટીના પ્રસંગે 'સજદા' દ્વારા એક અદ્ભૂત પ્રભુ ભક્તિ સહ સુફી સંગીતનો કાર્યક્રમ યોજાઈ ગયો...

આંખે તેરી કિતની હંસી, કિ ઈનકા આશિક મૈં બન ગયાં હૂં, મૌલા મેરે મૌલા મેરે... સજદા, તેરા સજદા... તેને નૈના દગા બાજ રે જેવાં પોપ્યુલર સળંગ ત્રણ ગીતો અને એ ધ્વારા એમનાં ગાયકોની ઓળખવિધિથી પાક્કું થયું કે કાર્યક્રમ અદ્ભૂત સફળ થવાનો છે... આંખો મે નશા, આંખો મે મમતા, તેરી આંખો કે સિવા દુનિયા મે રખ્ખા કયા હૈ, આંખો સે આંખે મિલાના, આંખો મેં છુપાના... સુફી ગીતોમાં આંખો દ્વારા ભાવ પ્રગટ કરવાનો મહિમા છે, અને આજના કાર્યક્રમમાં ગવાયેલા ૨૬ ગીતો પૈકી ૧૪ ગીતોમાં આંખો-નૈના આવ્યાં હતા!

આર્ટ લવર્સનો રંગોતસ્વ એ એની આગવી ઓળખ કહેવાય છે. આ વખતે નવાં પ્રમુખની વરણી પામેલા જગત કારાણીએ કહ્યું કે, 'આર્ટ લવર્સ ૧૮માં વર્ષમાં એટલે કે પુખ્ય યૌવનમાં પ્રવેશે છે. બિલ્ડર મિત્રોની મદદથી સ્થપાયેલા આ ગ્રુપમાં શ્રેષ્ઠ કાર્યક્રમો અપાયાં છે, અને એ પ્રથા બરકરાક રહેશે.'

દિલ અગર સીપીયુ હોતા તો યાદો કો સેવ કર લેતે, કાશ અપની જીંદગી કમ્પ્યુટર હોતી તો રિસ્ટાર્ટ કર લેતે... જેવી વાત સાથે અને પ્રત્યેક ગીત વખતે એ ગીતની જ વાતો કરનારા સંચાલક સંદિપ પંચવટકરે સાચા અર્થમાં ઉપયોગીએન્કરની ભૂમિકા ભજવી હતી... નૈના ઠગ લેંગે ના ગીત સાથે ઈન્ડિયન કલાસીકલ, હાય નોટ અને લોક સંગીતના કોમ્બિનેશનનું શુભા મુદગલનું ગીત અલી મોરે અંગના દરસ દીધા, ઈશ્ક મેં તેરે જોગણ બન ગઈ... વાહ પોકારી જવાય એવું.

પ્રેમના પથ પર પગ મુકતાં રાહત ફતેઅલી ખાંના ત્રણ ગીતો સળંગ, લાગી તુમસે મન કી લગન... તાકતે રહતે તુજ કો સાંજ સવેરે, તેરે





મસ્ત મસ્ત દો નૈન અને તેરા દીદાર હુઆ, ઈસ દિલ સે પ્યાર હુઆ... ત્રણેય ગીતો જોરદાર... દમ દારા મસ્ત મસ્ત, તેરે બીના બેસુવાદી રતીયાં હો સજનાં, 'ગુરુ'નું ગીત એના આરોહ અવરોહથી જોરદાર જામ્યું...

મેરે મન યે બતા દેતું, કિસ ઔર ચલા હૈ તું, મિતવા... મૈં તેનું સમજાવા કી, મૈં તેરે બીના લગદા જી, તુ કી જાણે પ્યાર મેરા... તુમજો આયેં જીંદગી મેં બાત બન ગઈ, સપનેં તેરે ચાહતો કે દિન હૈં સોના ઔર ચાંદી રાત બન ગઈ, અને આ ગીતમાં 'યારા મૈંને' નું કોરસ ગજબનું હતું...





આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે પ્રત્યેક ગીત પર વન્સમોર આવતું હતું પણ એન્કરે બહુ સ્પષ્ટ કહ્યું કે, હાય નોટ ગીતો હોવાથી શક્ય નથી, નવાં ગીતો જ સંભળાવીશું!

સુફીનું એ.આર. રહેમાનનું અત્યંત પ્રસિદ્ધ ગીત ખ્વાજા મેરેં, ખ્વાજા - દિલમેં સમાજા, શાહો કા શાહ તું, અલી કા દુલારા અને એમાં 'ખ્વાજાજી'ની તાન છેડીને આખો માહોલ સુફીયાણા કરી દીધો... સુફી ગીતોની મહેફિલ જેના ગીત વગર અધુરી એવાં કૈલાશ ખેરનું મૈં તો ચાહુ સંગત તેરા, મૈં ના જાનુ તું હી જાને, સૈંયા... નુસરત ફતેઅલી ખાંની ક્લાસીકલ કવ્વાલી કે જેમાં વેસ્ટર્ન - લોગસંગીતનું ફ્યુઝન પણ હોય પિયા રે, પિયા રે તારે બીના લાગે નહીં મારા જીયા રે...

માત્ર પાંચ જણના ઓરકેષ્ટ્રાનું સંચાલન કરતાં ચિંતન મોઢા અને એમનાં સાજીંદાઓ સુરીલા સંગીતના સાચા હકદાર હતા. પણ આ કાર્યક્રમના બધાં જ સુપરડુપર ગીતોને એમનો રિયાઝી કંઠ આપી રહેલા યુવા ગાયકો મનીષ રાજગીરે, આશિષ દેશમુખ, રાધિકા અત્રે અને વિવેક પાંડે બનારસી, બધાં જ અદ્ભૂત, જાણે એમ જ લાગે આપણે ઓરીજીનલ સાઉન્ડ ટ્રેક સાંભળી રહ્યાં છીએ!

તુ જાને ના, મિલ કે ભી હમના મીલે, બાતેં દિલોં કી બતાના સકેં... ગીત બાદ ત્રણ ડ્યુએટ સોંગ આવ્યા... દિલ ખો ગયા હો કિસી કા, તેરી ઓર, તેરી ઓર, શુકરન વહલમ, ધાગે તોડ લાઉં ચાંદનીસે નૂર કે, બોલના હલકે હલકે... શ્રોતાઓ મંત્રમુગ્ધ બની સાંભળતા જ રહ્યાં.

આર્ટ્ લવર્સના હૃષિકેશ ભટ્ટ અને ટીમ મેમ્બર્સ સાચ્ચે જ આ ગ્રેટ પ્રોગ્રામ લઈ આવવા બદલ અભિનંદનને પાત્ર છે... આ કાર્યક્રમમાં હાલના પ્રસિદ્ધ ગાયકોના એક ગીતના અંતરાઓ રજૂ કર્યા જેમાં અરિજીત સિંગ - મેરા નામ ઈશ્ક, તેરા નામ ઈશ્ક, સોનુ નિગમ - ખુશીયાં ચુમ લૂ, મર જાઉં યા જીલું જરા, શ્રેયા ઘોષાલ - અપનેં કરમ કી કર અદાયેં, સુન રહા હૈં ના તું અને ક્રિષ્ના - તીજા તેરા રંગ થા મેં તો, જીયા તેરે સંગ સે મૈં તે, મૌલા મેરે લેલે મેરી જાન...

પુનાથી પધારેલા સંગીતના સાજીંદાઓ તબલા - ગોવિંદ કુદાળકર, પર્કેશન -રાજન સાળવે, ઑકટોપેડ - રિધમ - આસિફ ઈનામદાર, લિડ ગિટાર - રાજુ નિર્ગુળે - જર્મન ગિટાર - હાર્દિક રાવલ અને સંગીત સંચાલક પોરબંદરના ચિંતન મોઢા, જેમનાં જેટલાં વખાણ કરીએ ઓછા પડે...

આ મહેફિલના છેલ્લા દોરમાં રાહત ફતેઅલી ખાં અને ક્રિષ્નાની જુગલબંધીનું, અવાજ, સુરોની અદ્ભૂત સંગીતનું ગીત મૈં જહાં રહું, મૈં કહી ભી હું તેરી યાદ સાથ હૈ... આ ગીત સુફીથી પ્રભુની સમાધિ સુધી લઈ જાય એવું સજ્જડ રહ્યું... અને છેલ્લે મા તુજે સલામ, વંદે માતરમ્ ના બુલંદ ગીત સાથે સુફીના શબ્દો, ધૂન સદાય મનમાં ઘુમરાયા કરે એવા નશા સાથે કાર્યક્રમ સંપન્ન થયો...

આર્ટ્ લવર્સનો સુફી ગીત-સંગીતનો આ અવિસ્મરણીય કાર્યક્રમ માટે કલાકારો અને આયોજકો બંનેને કેસુડાના ગુલાલ ભરી છાબલી જેટલી શુભકામનાઓ...